Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના મતે પ્રાચીન ભારતીય મૂલ્યો અને આધુનિક બ્રિટીશ સુધારા તથા આઝાદીનો માર્ગ: હિંદ સ્વરાજ એક અભ્યાસ

**પ્રા.ચૌધરી દેવેન્દ્રકુમાર બબલદાસ**

મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ મો.નં: ૯૭૧૪૬૮૮૫૪૪ ઈમેઈલ: dev3788.viyan@gmail.com

***સારાંશ:*** *ગાંધીજીએ પ્રાચીન ભારતીય મૂલ્યોની ચર્ચા કરેલી છે તથા ગાંધીજીએ ભારતને કયા માર્ગે આઝાદી મેળવવાની છે તેનો અહિસંક માર્ગ સૂચવ્યો છે તેમજ સત્યાગ્રહ કોને કહેવાય તેની ઉદાહરણ દ્વારા સરળ સમજૂતી આપેલી છે. અને તે સમયની તમામ સમસ્યાની તેમાં ચર્ચા કરેલી છે તેની આ પ્રસ્તુત પેપરમાં સરળ ભાષામાં સમજૂતી આપેલી છે.*

'હિંદ સ્વરાજ' પુસ્તક મહાત્મા ગાંધીજીએ 'કિલડોનન કેસલ' સ્ટીમરના ડેક પર બેસીને કોઈ ચેકચાક વગર એકધારી કલમે જહાજ કંપનીના કાગળિયાં પર લખ્યું હતું. આ પુસ્તકમાં મહાત્મા ગાંધીજીએ લખાણને સંવાદનું રૂપ આપેલું છે. પુસ્તકમાં ગાંધીજીએ પોતાનો અંગત અભિપ્રાય ઉપરાંત ટોલ્સટોય, રસ્કિન, થોરો અને એમર્સન વગેરે ચિંતકોના અભિપ્રાયોનો આધાર લીધેલો છે. પરંપરાગત પ્રાચીન ભારતીય મૂલ્યોના વખાણ કરેલા છે અને આધુનિક બ્રિટીશ સુધારાની તેમાં ટીકા કરવામાં આવેલી છે. આ બાબત તે સમયમાં લોકોને સમજાતી ન હતી પરંતુ અત્યારના શહેરી જીવન અને ગ્રામ્ય જીવનની જયારે તુલના કરવામાં આવે ત્યારે ગાંધીજીની વાત અક્ષરશ: સાચી લાગે છે.

મહાત્મા ગાંધીજીના મતે હિંદને સ્વરાજ મેળવવાની લાગણી ઉત્પન્ન કરવામાં કોંગ્રેસની સ્થાપનાએ અગત્યનો ભાગ ભજવેલ છે. દાદાભાઈ નૌરોજીને ગાંધીજી હિંદમાં સ્વરાજની લાગણી જગાડવામાં અગત્યની પૃષ્ટભૂમિ તૈયાર કરી હોવાનું માને છે. ગોપાલકૃષ્ણ ગોખલેની સાદગીના તેઓ વખાણ કરે છે. બંગ-ભંગ ચળવળને મહાત્મા ગાંધી દેશમાં સ્વરાજ માટે જાગૃતિ લાવનાર પ્રથમ અગત્યનો બનાવ તરીકે ગણે છે, અને બંગાળના ભાગલા કરવા બદલ વાયસરોય લોર્ડ કર્ઝનનો આભાર માને છે. તથા વધુમાં જણાવે છે કે, બંગાળના ભાગલા પૂર્વે દેશના લોકો અંગ્રેજોથી ખૂબ જ ડરતા હતા અને આ આંદોલન સફળ થવાથી લોકોમાં અંગ્રેજો પ્રત્યેનો ભય ઓછો થયો અને અંગ્રેજ સરકાર વિરુદ્ધ સમાચારપત્રોના લખાણો પણ કડક થયા.

ગાંધીજી ઇંગ્લેન્ડની પાર્લામેન્ટ વિશે જે ટીકા કરે છે તે આજે આપણી પાર્લામેન્ટને પણ કેટલીક બાબતો લાગુ પડે છે તેઓ ટીકા કરતા કહે છે કે, તેણે કોઈ પણ કામ સારું કર્યું નથી. પાર્લામેન્ટના સભ્યો આડંબરિયા અને સ્વાર્થી છે. સૌ પોતાનું ખેંચે છે. માત્ર ભયને લીધે જ પાર્લા મેન્ટ કંઈ કામ કરે છે. આજ કર્યું હોય તે કાલે રદ કરવું પડે છે. એક પણ વસ્તુ આજ સુધીમાં પાર્લમેન્ટે ઠેકાણે પાડી હોય એવો દાખલો જોવામાં નથી આવતો. મોટા સવાલોની ચર્ચા જ્યારે પાર્લામેન્ટમાં

ચાલતી હોય ત્યારે તેના સભ્યો લાંબા થઈને બેઠા હોય છે અથવા બે ઝોલા ખાય છે. તે પાર્લમેન્ટમાં સભ્યો એવા બરાડા પાડે છે કે, સાંભળનારા કાયર થઈ જાય છે. તેના એક મહાન લેખકે તેને 'દુનિયાની વાતૂડી' એવું નામ આપ્યું છે. સભ્યો જે પક્ષના હોય તે પક્ષ તરફ પોતાનો મત, વગર વિચારે આપે છે, કે આપવા બંધાયેલા છે. તેમાં કોઈ અપવાદરૂપે નીકળી આવે તો તે મેમ્બરના ભોગ સમજવા. જેટલો સમય અને પૈસા પાર્લમેન્ટ ખર્ચે છે તેટલો વખત અને પૈસા જો થોડા સારા માણસોને મળે તો પ્રજાનો ઉદ્ધાર થઈ જાય. આ પાર્લમેન્ટ તો માત્ર પ્રજાનું રમકડું છે, રમકડું પ્રજાને બહુ ખર્ચમાં નાખે છે. એક મેમ્બરે તો એમ જ કહ્યું - પાર્લમેન્ટ ધર્મિષ્ઠ માણસને લાયકની નથી રહી.(હિંદ સ્વરાજ,પૃ-૩૫)

ભારતને અંગ્રેજોએ પોતાના બાહુબળથી જીત્યું નથી પરંતુ ગાંધીજીના મતે આપણે જ તેમણે આપી દીધું છે અને ભારતમાં તેઓ પોતાની શક્તિથી નથી ટક્યા પરંતુ, આપણે તેઓને રાખ્યા છે.

રેલવે વિશે પોતાના વિચારો જણાવતા ગાંધીજી કહે છે કે, ભારતની ગુલામી માટે અને તે સમયે મરકી જેવા ચેપી રોગોનો ફેલાવો વધારવામાં રેલવે જવાબદાર છે. રેલવેથી અંગ્રેજોનો અંકુશ ભારત ઉપર વધુ મજબૂત બન્યો છે, અનાજની અછત હોય ત્યાં રેલવે સરળતાથી માલ પહોચાડી દે છે એટલે અનાજના ભાવમાં વધારો થાય છે અનાજના ભાવો વધતા ખેડૂતો બધું અનાજ વેચી દે છે આથી જે વર્ષે અનાજ અપૂરતું પાકે ત્યારે ખેડૂતોની સ્થિતિ દયનીય બને છે અને ખેડૂતો પાસે અનાજ ન હોવાથી દુષ્કાળ પડે છે. આમ, ગાંધીજી દુષ્કાળનો દોષ રેલવેને આપે છે. વધુમાં જણાવે છે કે, તીર્થસ્થળો અપવિત્ર થવાનું કારણ પણ રેલવે છે, કારણ કે રેલવેની શોધ થઇ તે પહેલા તીર્થસ્થળોએ જવા માટે ખૂબ મુશ્કેલી પડતી હતી એટલે ઈશ્વરમાં સાચી આસ્થા ધરાવતા લોકો જ દર્શને જતા હતા હવે બધા લોકો જવાથી ધર્મસ્થાનો અપવિત્ર અને ગંદકીના ધામ બન્યા છે.

ગાંધીજીના મતે હિંદુ-મુસ્લિમ હવે હળી-મળીને રહે છે પરંતુ ફરીથી કજિયા અંગ્રેજોએ શરૂ કરાવ્યા છે. તેમજ ‘ મિયાંને ને મહાદેવને બને નહીં' (હિંદુ-મુસ્લિમને બને જ નહિ) આવી કેટલીક જૂની કહેવતો પણ નુકસાન કર્યા જ કરે છે, આપણે કહેવતની ધૂનમાં એટલું પણ યાદ નથી કરતા કે ઘણા હિંદુ તથા મુસ્લિમના બાપદાદા એક જ હતા; આપણામાં એક જ લોહી છે. ધર્મ બદલ્યો એટલે દુશ્મન થઈ ગયા? શું બંનેનો ખુદા તે જુદો છે? ધર્મ એ તો એક જ જગ્યાએ પહોંચવાના જુદા-જુદા રસ્તા માત્ર છે. આપણે બે નોખા માર્ગ લઈએ તેમાં થયું શું? તેમાં દુઃખ શું? આમ ગાંધીજીએ ધર્મની વ્યાખ્યા સુંદર આપી છે કે ધર્મ એ તો પરમાત્મા સુધી પહોંચવાનો ફક્ત માર્ગ છે,જે હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જરથોસ્તી, યહૂદી, બૌદ્ધ કે જૈન હોય શકે આ બધા રસ્તાઓ આપણને ઈશ્વર પાસે લઈ જાય છે. રસ્તો તમે ગમે તે પસંદ કરો પરંતુ બધાની મંજિલ તો એક જ છે પરમાત્મા સુધી પહોચવું પછી હિંદુ-

મુસ્લિમનો વિરોધ કરવાનો કોઈ મતલબ નથી. આમ ગાંધીજીની આ વાતો આજે પણ આપણને ધર્મનું સાચું જ્ઞાન આપે છે. વધુમાં તેઓ જણાવે છે કે, આપણને પસંદ ન પડે એવો ધર્મ સામેનો માણસ પાળતો હોય તો પણ આપણે તેની સામે વેરભાવ ન રાખવો જોઈએ, આપણે તેની સામે જબરદસ્તી ન કરાવી જોઈએ.

મહાત્મા ગાંધીજી ગાયને ભારત માટે ખૂબ પવિત્ર ગણે છે તેઓ કહે છે કે, હું પોતે ગાયને પૂજું છું. એટલે કે, માન આપું છું. ગાય એ ભારતની રક્ષા કરનારી છે, કેમ કે તેની પ્રજા ઉપર હિંદુસ્તાન, જે ખેતીનો દેશ છે, તેનો આધાર છે. સેંકડો રીતે ગાય એ ઉપયોગી પ્રાણી છે. તે ઉપયોગી પ્રાણી છે તે તો મુસલમાન ભાઈ પણ કબૂલ કરશે. પણ જેમ હું ગાયને પૂજું છું તેમ હું માણસને પણ પૂજું છું. ગાય ઉપયોગી છે તેમ માણસ પણ પછી તે મુસલમાન હોય કે હિંદુ હોય ઉપયોગી છે. ત્યારે શું ગાયને બચાવવા હું મુસલમાનની સાથે લડીશ? હું તેને મારીશ? આમ કરવા જતાં હું મુસલમાનનો તેમ જ ગાયનો દુશ્મન બનીશ. આપણે હઠ વધુ કરીએ તેમ ગાયનો વધ વધ્યો છે. એટલે મારા વિચાર પ્રમાણે તો હું કહું છું કે, ગાયની રક્ષા કરવાનો ઉપાય એક જ છે, કે મારે મારા મુસલમાન ભાઈની પાસે હાથ જોડવા અને તેને દેશની ખાતર ગાયને ઉગારવા સમજાવવું. જો તે ન સમજે તો મારે ગાયને જતી કરવી, કેમ કે તે મારા અખત્યારની વાત નથી. મને જો ગાયની ઉપર અત્યંત દયા આવતી હોય તો મારે મારો પ્રાણ દેવો, પણ કોઈ મુસલમાનનો પ્રાણ લેવો નહીં. આ ધાર્મિક કાયદો છે એમ હું તો માનું છું.

ગાંધીજીના મતે ડોકટરો લોકોની સેવા કરવા માટે ડૉક્ટર નથી બનતા, પરંતુ ડૉક્ટર થવાનું ખરૂં કારણ તો આબરૂદાર અને પૈસો કમાવવાનો ધંધો કરવાનું છે; જેમાં પરોપકારની વાત નથી. જે ધંધામાં પરોપકાર નથી. તે લોકોને હંમેશા નુકસાન કરે છે. ડોકટરો માત્ર આડંબરથી લોકોની પાસેથી મોટી ફી લે છે, અને તેઓની દવા જે એક પાઈની કિંમતની હોય છે તેના તેઓ રૂપિયા લે છે. આમ વિશ્વાસમાં અને સારા થવાની આશામાં લોકો ઠગાય છે. આમ, ભલાઈનો ડોળ કરતા ડોકટરો કરતાં દેખીતા ઠગવૈદને તેઓ સારા ગણે છે.

ગાંધીજી ગુલામીનું મૂળ કારણ પશ્ચિમના સુધારાને ગણે છે. આપણે પશ્ચિમના સુધારાથી અંજાઈ જઈને તેનું આંધળું અનુકરણ કરીએ છીએ. આપણે તેમની સંસ્કૃતિને શ્રેષ્ઠ સમજી તે સંસ્કૃતિના ગુલામ બન્યા છીએ. જ્યા સુધી આપણને તેમના વિચારોથી આઝાદી નહિ મળે ત્યાં સુધી આપણે ગુલામ રહીશું. ખરેખર પશ્ચિમના સુધારાને ગાંધીજી કુધારો કહે છે જે આપણા ભારત માટે યોગ્ય નથી. જો આપણે પોતાના સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવ અનુભવીશું, પોતાનો દેશને શ્રેષ્ઠ માનીશું ત્યારે જ આપણે ખરી આઝાદી મેળવીશું. ગાંધીજીના મતે જ્યા સુધી આપણે યુરોપની સંસ્કૃતિથી આકર્ષિત થઈને તેમનું આંધળું અનુકરણ કરીશું ત્યાં સુધી આપણે આઝાદ નહિ થઈ શકીએ, આઝાદ થઈશું તો પણ સાચું સ્વરાજ નહિ મળે.

ભારતે સ્વતંત્રતા કઈ રીતે મેળવવાની છે તેની પણ ગાંધીજી સ્પષ્ટતા કરે છે. હિંસા કરીને આપણે સ્વતંત્રતા મેળવવાની નથી. હિંસા કરીને લીધેલી સ્વતંત્રતાથી દેશ સુખી થશે નહિ. મારે તમારી પાસેથી તમારી ઘડિયાળ છીનવી લેવી હશે તો મારે બેશક તમારી સાથે મારામારી કરવી પડશે. પણ જો મારે તમારી ઘડિયાળ વેચાતી લેવી હશે તો તમને દામ આપવાં પડશે. જો મારે બક્ષિસ લેવી હશે તો મારે કરગરવું પડશે, ઘડિયાળ મેળવવામાં મેં જે સાધન વાપર્યું તે પ્રમાણે તે ચોરીનો માલ, મારો માલ કે બક્ષિસ, એમ થયું. ત્રણ સાધનનાં ત્રણ જુદાં જુદાં પરિણામ આવ્યાં. હવે તમે કેમ કહી શકશો કે સાધનની ફિકર નથી?

ભારતે સ્વતંત્રતા કઈ રીતે મેળવવી તેની સરળ સમજુતી આપતા ગાંધીજી એક ચોર નું દ્રષ્ટાંત આપે છે. કે ધારો કે એવું બને તમારા ઘરે એક ચોર ચોરી કરવા આવે છે, હવે તે ચોર જો તમારો પિતા જ હોય તો તમે શું કરશો તમે તેણે ચોરી કરતા અટકાવવા માટે કયું સાધન વાપરશો? હવે જો કોઈ અજાણ્યો માણસ આવશે તો તમે તેના માટે કયું સાધન વાપરશો? જો કોઈ દુબળો પાતળો છોકરો હશે તો તેના માટે તમે કયું સાધન વાપરશો? હવે જો કોઈ હથિયારબંધ બળવાન માણસ હશે તો તમે શું કરશો? તમે ચુપ ચાપ સુઈ જશો? કે સામનો કરશો તમે એકલા ચોર સામે ન લડી શકવાના તેથી ગામ આખું એક કરી આ ચોરનો સામનો કરશો પછી ચોર પણ પોતાનું બળ વધારશે અને ગામ વાળા લોકોનો સામનો કરશે, ગામ આખું ઉજાગરા કરી ચોકી કરશે પોતાનો બધો સમય, શક્તિ અને ઊંઘ વેડફી નાખશે અને રાત-દિવસ બધા આ કામે લાગી જશે તો પણ ચોરનો ભય દૂર નહિ થાય. હવે ગાંધીજી ચોરનો સામનો કરવાનું અહિંસક સાધન જણાવે છે કે, તમે ચોરને અજ્ઞાની માણસ ગણી તેને સમજાવવાનો નિશ્ચય કરો. તમે વિચારો કે ચોર શા માટે ચોરી કરે છે? તે જાણો અને તેને આ ચોરી કરવાનો ધંધો જ છોડાવી દો. જયારે ફરીથી ચોર ચોરી કરવા આવે ત્યારે તમે તેની ઉપર દયા ખાઓ, તમે બારીબારણાં ખુલ્લાં મૂકી દો, તમે સૂવાની જગ્યા બદલો,તમારી બધી જ સંપતિ તેની સામે ધરી દો. ચોર આવશે એટલે તેણે ના ધારેલો વ્યવહાર તે તેની સાથે થતો જોશે તે ગભરાશે, આ તો તેણે નવું જોયું. માલ તો લઈ ગયો. પણ તેનું મન ચકડોળે ચડ્યું. તેણે ગામમાં તપાસ કરી. તમારી દયાની તેને જાણ થઈ. એ પસ્તાયો ને તમારી માફી માગી. તમારી સંપતિ પાછી લાવ્યો. તેણે ચોરીનો ધંધો છોડ્યો. તમારો તે સેવક બન્યો. આ બીજું સાધન. તમે જુઓ છો કે જુદા સાધનથી જુદું પરિણામ આવે છે. સામેવાળી દોષિત વ્યક્તિને પોતાની ભૂલનો અહેસાસ કરાવી તેના હૃદય પરિવર્તનની અહીં ગાંધીજી એ વાત કરી છે, આમ તેમણે અંગ્રેજોને પોતાનો દોષ બતાવી સત્યાગ્રહ માર્ગે પોતાની ભૂલ સમજાવી તેમના હૃદય પરિવર્તન કરાવી આઝાદી મેળવી હતી.

ગાંધીજી ઇતિહાસકારોની પણ ટીકા કરતા કહે છે કે ફક્ત યુધ્ધો અને લડાઈ, ઝગડાની જ નોંધ કરે છે કે હજારો વર્ષોથી

જે પ્રજા પ્રેમ, દયા અને સત્યથી હળીમળીને રહેતી હતી તેની નોંધ તેમણે લીધી જ નથી. એક કુટુંબમાં બે ભાઈ લડશે ત્યારે તેઓ એક બીજા ઉપર સત્યાગ્રહ માર્ગે ફરીને હળીમળી સાથે રહેવા લાગશે તેની નોંધ ઈતિહાસ નહિ લે પરંતુ, બંને ભાઈઓ વકીલની મદદ લઈ અદાલતે જશે અને હથિયાર વાપરશે, છાપામાં છપાશે, આડોશીપાડોશી જાણશે ત્યારે ઈતિહાસકારો તેની નોંધ લેશે. જયારે સત્યાગ્રહ જેવા સાધનો વાપરી સંપીને રહેતા ભાઈઓની નોંધ લેશે નહિ.

કેળવણી વિશે ગાંધીજી પોતાના વિચારો જણાવતા કહે છે કે, અક્ષરજ્ઞાન અને જુદી-જુદી વિદ્યાઓ શીખવાથી સાચી કેળવણી મળતી નથી પરંતુ તે માણસને ખરી કેળવણી મળી છે કે જે માણસનું શરીર એવું કેળવાયું છે કે તે તેના અંકુશમાં રહી શકે છે, તે શરીર ચેનથી અને સરળતાથી તેણે સોંપેલું કામ કરે છે. તે માણસને ખરી કેળવણી મળી છે કે જેની બુદ્ધિ શુધ્ધ છે, શાંત છે અને ન્યાયદર્શી છે. તે માણસે ખરી કેળવણી લીધી છે કે જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે અને જેની ઈન્દ્રીઓ વશમાં છે. જેની અંતવૃત્તિ વિશુદ્ધ છે, અને જે માણસ નીચ કામને ધિક્કારે છે તથા પોતાના સરખા બીજાઓને ગણે છે; આવો માણસ ખરો કેળવાયેલો ગણાય, કેમ કે તે કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે. કુદરત તેનો સારો ઉપયોગ કરશે અને કુદરતનો તે સારો ઉપયોગ કરશે. ગાંધીજી નીતિની કેળવણી અથવા ધર્મની કેળવણીને પ્રથમ મૂકે છે. ‘મેકોલે’એ જે અંગ્રેજી કેળવણીનો પાયો રચ્યો તેને ગાંધીજી ગુલામીની કેળવણી કહે છે. દરેક હિન્દુને સંસ્કૃત, મુસલમાનને અરબી, પરસીને પર્શિયનનું અને બધા ભારતીયને હિન્દીનું જ્ઞાન હોવું જોઈએ. કેટલાક હિંદુએ અરબી અને કેટલાક મુસલમાને તથા પારસીએ સંસ્કૃત શીખવું જોઈએ. ઉત્તર અને પશ્ચિમ હિંદુસ્તાનના હિંદીએ તામિલ શીખવું જોઈએ. આખા હિંદુસ્તાનને જોઈએ તે તો હિંદી હોવી જોઈએ. તે ઉર્દૂ અથવા નાગરી લિપિમાં લખવાની છૂટ ઘટે છે. હિંદુ-મુસલમાનના વિચાર ઠીક રહે, તેથી આ બંને લિપિ ઘણા હિંદીએ જાણી લેવાની જરૂર છે. આમ થતાં આપણે એકબીજાની સાથે વ્યવહાર રાખવામાં અંગ્રેજીને હંકારી શકીશું.